**<u>ફોજદારી કેસ નં. ૧૧૦૭/૨૦૨૪</u>**

**<u>આંક–૩ નું સાંધણ તથા તે તળે હુકમ</u>**
**<u>(માંગરોળ પો.સ્ટે.ગુ.રજી.નંબર ૧૧૨૦૩૦૩૮૨૪૦૩૭૬/૨૪)</u>**

૧) આ કામે ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટના કોલમ નં. ૫ મા જણાવ્યા મુજબની તારીખ, સમય,અને સ્થળે ગેર કાયદેસર વગર પાસ પરમીટે કેફી પીણું પીધેલ હાલતમાં જાહેરમાંથી મળી આવી પકડાઈ જઈ,પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧) બી મુજબનો ગુન્હો કરેલ છે. ફરિયાદીની ફરિયાદના આધારે તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ કરી, સાહેદોના નિવેદનો લઈ, આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હાનું ચાર્જસીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

૨) આરોપી હાજર થતા આરોપીને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કરી ગુન્હા અંગે પુછતા આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુન્હો કબુલ કરવાની રજુઆત કરી, જે અંગે લેખિત ગુન્હા કબુલાત પુરસીસ રજુ કરેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુન્હો કબુલ જાહેર કરેલ છે, જેથી આખરી હુકમ કરવો જરૂરી છે.

૩) આરોપીને સજા અને દંડ બાબતે સાંભળ્યા. આરોપીએ પોતે ગરીબ વર્ગના માણસો હોવાનું અને કુટુંબની જવાબદારી તેઓની ઉપર હોવાનું જણાવી રહેમ રાખી યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે.

૪) રેકર્ડ ઉપરના સંજોગો, આરોપીની કબુલાત, ગુન્હાની ગંભીરતા, સજાની જોગવાઈ, આરોપીની વય, તેઓની ગરીબી, કુટુંબની જવાબદારી, તેઓનો પસ્તાવો ધ્યાને લઈ, આરોપીને સજા કરતી વખતે એક તક આપવી યોગ્ય માની નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

૧. ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ / ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ ૨૭૫ મુજબ આરોપીને ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧) બી મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧) બી માં રૂા.૨૦૦/– (અંકે રૂા.– બસ્સો પુરા)દંડ કરવામાં આવે છે. આરોપીએ દંડની રકમ જમા કરાવવામાં કસુર કર્યેથી દિવસ–ર ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ **૧૪ મી,** માહે– **સપ્ટેમ્બર**, સને– **૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ:– માંગરોળ.
તા. ૧૪/૦૯/૨૦૨૪.

(ચંગીઝ મસવર રાઠોડ)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
માંગરોળ. જી.જુનાગઢ

**Judge code - GJ 0 1238**